# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૯ તા.૦૮-૦૯-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : "ઉજાસ ભણી..." કાર્યક્રમના અમલીકરણ તથા રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણી બાબત

સંદર્ભ : ૧. એસ.પી.ઓ કચેરીના પત્ર ક્રમાંક /ગ.એ/એડો.એજ્યુ./૨૦૨૩-૨૪/૪૦-(૨)/૪૦૪૧૩-૪૮૩ તા. ૨૪/૮/૨૩ મંજૂરી અન્વયે

૨ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩ નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે એડોલેશન્ટ એજયુકેશન પ્રોગ્રામ અંતર્ગત જિલ્લાની સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓ અને સરકારી માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં "ઉજાસ ભણી..." કાર્યક્રમનું અમલીકરણ કરવાનું થાય છે.

એડોલેશન્ટ એજયુકેશન પ્રોગ્રામ અંતર્ગત ભારત સરકારના આયુષ્યમાન ભારત કાર્યક્રમ અન્વયે કાર્યરત School Health & Wellness Programme અંતર્ગત ભારત સરકારથી ૧૧ વિષયવસ્તુ નિયત કરેલ છે. જે પૈકી પ્રથમ સત્ર દરમિયાન નીચે જણાવેલ વિષય પર દરેક સરકારી શાળામાં ધોરણ-૬ થી ૧૨ ના બાળકો માટે સેશનનું આયોજન કરવાનું રહેશે.

'રાષ્ટ્રીય પોષણ માહ' તરીકે સપ્ટેમ્બર-૨૦૨૩ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં થઈ રહી છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્ર-૨માં આપેલ સૂચના અને માર્ગદર્શન પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓ કરી રાષ્ટ્રીય પોષણ માહ સપ્ટેમ્બર-૨૦૨૩ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | વિષય વસ્તુ | અઠવાડિક આયોજન |
|---|---|---|
| ૧ | તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ | ૧૧– સપ્ટેમ્બર થી ૧૬– સપ્ટેમ્બર દરમિયાન |
| ૨ | ભાવનાત્મક અને માનસિક આરોગ્ય | ૧૮– સપ્ટેમ્બર થી ૨૨- સપ્ટેમ્બર દરમિયાન |
| ૩ | પોષણ આરોગ્ય અને સ્વચ્છતા | ૨૫– સપ્ટેમ્બર થી ૩૦– સપ્ટેમ્બર દરમિયાન |
| ૪ | મૂલ્યો અને નાગરિકતા | ઓકટોબર માસમાં આવતી સત્રાંત પરીક્ષાને ધ્યાને લઇ અઠવાડીયા દરમિયાન આયોજન કરવું. |
| ૫ | જેન્ડર સમાનતા | ઓકટોબર માસમાં આવતી સત્રાંત પરીક્ષાને ધ્યાને લઇ અઠવાડીયા દરમિયાન આયોજન કરવું. |

ઉક્ત ૫ (પાંચ) વિષયવસ્તુ પર તાલીમ આપવા નીચે મુજબ તજજ્ઞો સૂચિત કરવામાં આવે છે.

- શિક્ષણ સાથે સંકળાયેલ ઝોન કક્ષાથી શાળાના શિક્ષકો/મુખ્ય શિક્ષક જેઓએ તાલીમ મેળવેલ હોય/ સીઆરસી કો. ઓ./ યુઆરસી કો. ઓ./ડાયટ લેક્ચરર/ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના વિષય નિષ્ણાત-લેક્ચરર/મહિલા સામખ્ય
- ઝોન કક્ષાના આરોગ્ય વિભાગ/મહિલા અને બાળ વિકાસ વિભાગના વિષય નિષ્ણાતો
- જે તે ક્ષેત્રમાં કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ-એન.જી.ઓ.ના વિષય નિષ્ણાતો વિષય અનુરૂપ અન્ય સરકારી વિભાગોના વિષય નિષ્ણાતો

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**નાણાંકીય જોગવાઇ :**

પ્રતિ સેશન રૂ.૧,૦૦૦/- લેખે આ પાંચ વિષય માટે પ્રતિ શાળા રૂ.૫,૦૦૦/- લેખે જિલ્લા કક્ષાથી જીસ્ઝા/જીસ્ઢઝ ને ફાળવવાના રહેશે. પ્રતિ શાળા પ્રતિ સેશન રૂ.૧,૦૦૦/- પૈકી રૂ.૫૦૦/- મહત્તમ તજજ્ઞ ભથ્થુ અને રૂ.૫૦૦/- મહત્તમ બાળકોને રીફ્રેશમેન્ટ પેટે ઉપયોગ કરવાનો રહેશે.

એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ – ઉજાસ ભણી કાર્યક્રમ અંતર્ગત યુ.આર.સી. દ્વારા તમામ શાળાનું આયોજન કરી, દરેક શાળાને આપવામાં આવે અને તે મુજબ નીચે જણાવેલ ફોર્મેટ મુજબ કરેલ સેશનનું રીપોર્ટીંગ મેળવવાનું રહેશે.

| ઝોન | શાળાનું નામ | વિષય થીમ | તારીખ | સમય | તજજ્ઞનું નામ | વિભાગ/ સંસ્થા | બાળકોની સંખ્યા | | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | કુમાર | કન્યા | |
| | | | | | | | | | |

**ઝોન કક્ષાથી સુપરવિઝન :**

- સીઆરસી/યુઆરસી કો. ઓ. શાળા મોનીટરીંગ દરમિયાન કાર્યક્રમનું ચોકકસથી અમલીકરણ કરે જોવાનું રહેશે.
- યુ.આર.સી. કક્ષાએથી આયોજન કરી મોટાભાગની શાળાઓ આવરી લેવામાં આવે તે રીતે મોનીટરીંગ કરવું અને અત્રે કરેલ આયોજનની જાણ કરવી.
- ૨૫-ઓક્ટોબર સુધી જિલ્લા કક્ષાએ નીચેના ફોર્મેટમાં કરેલ કાર્યક્રમનું રીપોર્ટીંગ કરવાનું રહેશે.

| ઝોન | કુલ ઝોનની શાળાઓ ની સંખ્યા | વિષય અનુરૂપ સમાવિષ્ટ વિભાગો | તજજ્ઞો ની યાદી | ભાગ લીધેલ કુલ વિદ્યાર્થીઓની સંખ્યા | | ઉચ્ચ પ્રા. શાળાના ભાગ લીધેલ કુલ શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | કુમાર | કન્યા | |
| | | | | | | |

આમ, એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ "ઉજાસ ભણી..." કાર્યક્રમ અંતર્ગત ધો.-૬ થી ૮ ના તમામ બાળકો આ વિષયો પરત્વે સઘન તાલીમ મેળવે તે રીતે આયોજન અને સુચારું અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત નંબર - ૨

તા.૦૮-૦૯-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિની/છ-૨/સકલન/૨૦૨૩/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર.

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** રાષ્ટ્રીય પોષણ માહ સપ્ટેમ્બર- ૨૦૨૩ની ઉજવણી અન્વયે કાર્યવાહી કરવા બાબત.

**સંદર્ભઃ-** કમિશનર, પીએમ પોષણ યોજનાની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- મભય/અમલ/પો.અ./ ૨૦૨૨-૨૩/૧૬૨૧૧-૧૬૩૩૧ તા. ૦૪/૦૯/૨૦૨૩

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે સપ્ટેમ્બર-૨૦૨૩ ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં થઈ રહેલ છે. ભારત સરકારના તા. ૨૯/૦૮/૨૦૨૩ ના પત્રથી મળેલ સૂચનાઓ મુજબ પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૩ અન્વયે રાજ્યની તમામ શાળાઓમાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાની થાય છે, જે નીચે મુજબ છે.

(૧) exclusive breastfeeding and complementary feeding (વિશિષ્ટ સ્તનપાન અને પૂરક ખોરાક)

(૨) Swasth Balak Spardha (SBS) (સ્વસ્થ બાલક સ્પર્ધા)

(૩) Poshan Bhi Padhai Bhi (PBPB) (પોષણ ભી પઢાઈ ભી)

(૪) Improving Nutrition through Mission Life (મિશન લાઈફ દ્વારા પોષણમાં સુધારો)

(૫) Meri Mati Mera Desh (MMMD) (મેરી મીટ્ટી મેરા દેશ)

(૬) Tribal Focused Nutrition Sensitization (આદિજાતી કેન્દ્રીત પોષણ સંવેદના)

(૭) Test, Treat, Talk Aneria (પરિક્ષણ, સારવાર, એનેમિયા પર ચર્ચા)

વધુમાં, International Year of Millets ૨૦૨૩ સંદર્ભે પીએમ પોષણ યોજના હેઠળના ભોજનમાં મિલેટસ આપવાની કાર્યવાહીને લગતા કાર્યક્રમો શાળા અને તાલુકા કક્ષાએ કરવા તથા જિલ્લા અને તાલુકા કક્ષાએથી પ્રવૃતિઓની વિગતો poshanabhiyaan.gov.In વેબસાઈટ પર અચૂક અપલોડ કરવા બાબતે આપની કક્ષાએથી તાત્કાલિક જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા આપના તાબા હેઠળની તમામ શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

**બિડાણઃ-** ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- સંયુકત કમિશનરશ્રી, પીએમ પોષણ યોજનાની કચેરી, બ્લોક નં-૧૪/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

કમિશનર, પીએમ પોષણ યોજનાની કચેરી
બ્લોક નં-૧૪/૧, ડૉ જીવરાજ મહેતા ભવન
સેક્ટર-૧૦, ગુ.રા., ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૦
Email – commissionermdm@gmail.com, Office No -079-232-53450

પીએમ પોષણ યોજના

ક્રમાંક:મભય/અમલ/પો.અ/૨૦૨૨-૨૩/ 16211-16332 તા. /૦૯/૨૦૨૩

4 SEP 2023

પ્રતિ

(૧) માન.કમિશનરશ્રી,
બ્લોક નં-૯, શાળાઓની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

(૨) માન.નિયામકશ્રી,
સમગ્ર શિક્ષા અભિયાન
સેક્ટર-૧૭, ગાંધીનગર

(૩) માન. નિયામકશ્રી
બ્લોક નં-૧૨/૧, પ્રાથમિક શિક્ષણની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

(૪) માન. નિયામકશ્રી,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
સેક્ટર-૧૨, ગાંધીનગર.

વિષય :- રાષ્ટ્રીય પોષણ માહ સપ્ટેમ્બર-૨૦૨૩ની ઉજવણી અન્વયે શિક્ષણ વિભાગે કરવાની થતી કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ :- ભારત સરકારશ્રીના સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૨૯/૦૮/૨૦૨૩નો પત્ર ક્રમાંક:D.O.PA/340/2023-Deputy Secretary.

શ્રીમાન,

આપશ્રી સુવિદિત છો કે, "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે સપ્ટેમ્બર-૨૦૨૩ ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં થઈ રહેલ છે. પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૩માં ભારત સરકારના સંદર્ભદર્શિત પત્રથી મળેલ સૂચનાઓ મુજબ રાજ્યની તમામ શાળાઓમાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાની થાય છે. જે નીચે મુજબ છે.

- exclusive breastfeeding and complementary feeding (વિશિષ્ટ સ્તનપાન અને પૂરક ખોરાક)
- Swasth Balak Spardha (SBS) (સ્વસ્થ બાલક સ્પર્ધા)
- Poshan Bhi Padhai Bhi (PBPB) (પોષણ ભી પઢાઈ ભી)

- Improving Nutrition through Mission Life ( મિશન લાઈફ દ્વારા પોષણમાં સુધારો)
- Meri Mati Mera Desh (MMMD) (મેરી મીટ્ટી મેરા દેશ)
- Tribal Focused Nutrition Sensitization (આદિજાતી કેન્દ્રીત પોષણ સંવેદના)
- Test, Treat, Talk Anemia ( પરિક્ષણ, સારવાર, એનેમિયા પર ચર્ચા)

વધુમાં International Year of Millets -૨૦૨૩ (શ્રીઅન્ન-૨૦૨૩ વર્ષ) સંદર્ભે પીએમ પોષણ યોજના હેઠળના ભોજનમાં મિલેટસ આપવાની કાર્યવાહીને લગતા કાર્યક્રમો શાળા અને તાલુકા કક્ષાએ કરવા. જે વિગતે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા તથા આપની તાબાની કચેરીઓને તે માટે માર્ગદર્શક સૂચનાઓ આપવા વિનંતી છે. જિલ્લા અને તાલુકા કક્ષાએથી પ્રવૃતિઓની વિગતો **poshanabhiyaan.gov.in** વેબસાઈટ પર અચૂક અપલોડ કરવાની સૂચનાઓ આપવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

સંયુક્ત કમિશનર
પીએમ પોષણ યોજના
ગાંધીનગર

નકલ સવિનય રવાના તમામ કોર્પોરેશન/જિલ્લા અને તાલુકા કક્ષાએ પોષણ માસ દરમિયાન કરવાની થતી કાર્યવાહી સારૂ સંબંધિતોને સૂચના આપવા વિનંતી સહ :-

- કમિશનરશ્રી, તમામ કોર્પોરેશન.
- કલેકટરશ્રી, તમામ જિલ્લા,
- મિશન ડાયરેક્ટરશ્રી, પોષણ અભિયાન, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર.
- નાયબ જિલ્લા પુરવઠાઅધિકારીશ્રી, તમામ જિલ્લા/કોર્પોરેશન.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિલ્લા.
- શાસનાધિકારીશ્રી તમામ કોર્પોરેશન.